# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-05-2026 Day : Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ – મિસાઈલ :

દેશે આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ સ્વદેશી સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવાની દિશામાં વધુ એક સિદ્ધિ હાંસલ કરી. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન – DRDOએ માનવરહિત હવાઈ વાહન પ્રિસિઝન ગાઈડેડ મિસાઈલ – ULPGM-V-3નું અંતિમ વિકાસ પરિક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આ મિસાઈલના પરિક્ષણ બદલ DRDO, જાહેર ક્ષેત્રના ઉપક્રમ, સંરક્ષણ સહ-ઉત્પાદન ભાગીદારો અને ઉદ્યોગ જગતની પ્રશંસા કરી. તેમણે ટેન્ક વિરોધી ભૂમિકા માટે હવાથી જમીન મોડ અને ડ્રોન, હેલિકોપ્ટર તથા અન્ય હવાઈ લક્ષ્યો માટે હવાથી હવામાં તેની અસરકારકતા અંગે માહિતી આપી.

-----------------------------------------------------------------------------------------

## ‘વતન પ્રેમ યોજના’ :

ગામડાઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે “વતન પ્રેમ યોજના”માં લોકભાગીદારી વધારવા નિયમોમાં સુધારા કરાયા છે. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણી હવેથી વતન પ્રેમ યોજના અંતર્ગત 20થી વધુ પ્રકારના જનહિત અને વિકાસલક્ષી કામો હાથ ધરી શકાશે. જેમાં સરકાર વિકાસ કામોમાં 20 થી 60 ટકા સુધીનો ફાળો આપશે. કામની મંજૂરી પ્રક્રિયાને ઝડપી બનાવવા જિલ્લા, ખાતાના વડા અને વિભાગ કક્ષાએ સમિતિઓને સત્તા સોંપાઈ છે.

---

## CM – અટલવાડી યોજના :

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં ગ્રામજનોની સુખાકારીમાં વધારો કરતી નવી 'અટલવાડી યોજના'ને મંજુરી અપાઈ છે. જે માટે વર્ષ 2026-27 ના બજેટમાં રૂ. 60 કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય સ્તરે અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી 'ગામની વાડી'નું નિર્માણ કરવાનો છે, જે ગ્રામજનો માટે એકતા અને વિકાસનું નવું કેન્દ્ર બનશે.

પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી ગામડાના સામાન્ય અને મધ્યમ વર્ગના પરોવારોને લગ્નપ્રસંગ, સામાજિક કે ધર્કિક મેળાવડા માટે વ્યાજબી ભાવમાં આધુનિક સુવિધા મળી રહેશે.

---

## રાજ્યપાલ – પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ :

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કાલોલ તાલુકાના મલાવ ગામે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને માર્ગદર્શન આપ્યું. આત્મા કચેરીના સહયોગથી આ પરિસંવાદમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા.

રાજ્યપાલશ્રીએ ખેડૂતોને જણાવ્યુ કે, રાસાયણિક ખાતરો અને દવાઓના ઉપયોગથી આપણી ધરતી માતા ઝેરી બની રહી છે. કેન્સર, હાર્ટ એટેક અને કિડની ફેલ થવા જેવા ગંભીર રોગોથી આવનારી પેઢીને બચાવવી હશે, તો પ્રાકૃતિક ખેતી તરફ વળવું પડશે. તેમણે વધુમાં કહ્યું કે, ગાય આધારિત ખેતી એ ધરતીના જળસ્તર સુધારવા, પશુ-પક્ષીઓને બચાવવા અને સ્વસ્થ જીવન જીવવાનો એકમાત્ર માર્ગ છે.

---

## ગુજરાત રાજ્ય વકફ બોર્ડ :

ગુજરાત રાજ્ય વકફ બોર્ડે રાજ્યભરના તમામ નોંધાયેલા વકફો, મુતવલ્લીઓ, ટ્રસ્ટીઓ, વકફ હિતધારકો તેમજ સમાજના આગેવાનોને ‘ઉમ્મીદ પોર્ટલ’ પર નોંધણી પ્રક્રિયા 26 મે, 2026 સુધીમાં પૂર્ણ કરવાની અપીલ કરી છે. વકફ સંપત્તિઓની પારદર્શિતા, જવાબદારી, કાયદેસર સંરક્ષણ અને સુવ્યવસ્થિત ડિજિટલ સંચાલન સુનિશ્ચિત કરવા “ઉમ્મીદ પોર્ટલ” અમલમાં મૂકવામાં આવ્યું છે.

આ અંગે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, “ઉમ્મીદ પોર્ટલ” માત્ર એક ઓનલાઇન નોંધણી પ્રક્રિયા નથી, પરંતુ વકફ સંપત્તિઓના ભવિષ્યને સુરક્ષિત અને વ્યવસ્થિત બનાવવાનું એક મહત્વપૂર્ણ પગલું છે. આ ઉપરાંત “ઉમ્મીદ એક્ટ-2025” અંતર્ગત નોંધણી માટે આપવામાં આવેલી સમયમર્યાદા અંતિમ છે અને હવે કોઈપણ પ્રકારની વધારાની મુદ્દત લંબાવવામાં આવશે નહિ.

---

## રાજીવ ગાંધી પુણ્યતિથી :

દેશના યુવા સુકાની રાજીવ ગાંધીની આજે 35મી પુણ્ય તિથિ છે. 1991માં આજના દિને તમિલનાડુમાં શ્રી પેરંબુદુર ખાતે ચૂંટણી સભામા આત્મઘાતી હુમલામાં તેઓ મોતને ભેટ્યા હતા. આજે તેમની સ્મૃતિમાં આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે. આતંકવાદની નાબૂદી માટે સંકલ્પ લેવડાવવામાં આવે છે.

---

## IPL :

આઈ પી એલની પ્રવર્તમાન શ્રેણીમાં આજે ગુજરાત ટાઇટન્સ ટીમ અંતિમ લીગ મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સનો સામનો કરશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

પ્રથમ ચાર ટીમોની પ્લે ઓફ સ્પર્ધામાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 18 પોઇન્ટ સાથે પ્રથમ, જ્યારે ગુજરાત ટાઇટન્સ બીજા અને સનરાઈઝર્સ હૈદરાબાદ ત્રીજા ક્રમે ક્વોલિફાઈ થઈ ગઇ છે. બન્ને ટીમો એ સોળ-સોળ પોઇન્ટ મેળવ્યા છે.

ગઈકાલે રમાયેલ મેચમાં કોલકતા નાઇટ રાઇડર્સની ટીમે મુંબઈ ઇન્ડિયન્સને 4 વિકેટે હાર આપી હતી. મુંબઈના 5 વિકેટે 147 રનના જવાબમાં કોલકતાની ટીમે 6 વિકેટ ગુમાવી 148 રન કરી મેચ જીતી લીધી હતી.

---------------------------------------------------------------------------------------------------

## <u>હવામાન :</u>

કચ્છમાં ગગડેલો મહત્તમ પારો ફરી ઊંચકાતાં તાપનો પ્રભાવ વધ્યો છે. ગઈકાલે અંજાર-ગાંધીધામ વિસ્તારનું મહત્તમ તાપમાન 43.2 ડિગ્રી રહ્યું હતું. તો, રાજ્યમાં અમદાવાદ બાદ કંડલા (એ.) બીજા નંબરનું ગરમ મથક બન્યું હતું.

---------------------------------------------------------------------------------------------------